

લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આગામી આર્મી ચીફ

વાંચો પેજ નં. 6

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 13 June 2024, Thursday | Page : 10 | Year : 1 | Issue : 203 | Price: 2/-

## કુવૈતમાં અગ્નિકાંડ 40 ભારતીયનાં મોત

### રસોડામાં લાગેલી આગ બિલ્ડિંગમાં ફેલાઈઃ ૧૬૦ લોકો ગેરકાયદેસર રહેતા હતા, બિલ્ડિંગના માલિક કેરળના બિઝનેસમેન




ભારત હેડલાઈન, તા.૧૨

કુવૈતના મંગાફ શહેરમાં એક છ માળની બિલ્ડિંગમાં બુધવારે સવારે ભીષણ આગ લાગતા ૪૩ લોકોના મોત અને ૩૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં ૪૦ ભારતીયો સામેલ છે. આ બિલ્ડિંગમાં મોટાભાગે કર્મચારીઓ રહેતા હતા. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, પહેલા બિલ્ડિંગના એક રૂમનાં રસોડામાં આગ લાગી હતી, ત્યારબાદ જોતજોતામાં આગ આખી બિલ્ડિંગમાં ફેલાઈ ગઈ હતી. ઘટના અંગે કુવૈતના ગૃહમંત્રી શેખ ફહાદ અલ-યુસેફ અલ-સબાહે મંગાફે બિલ્ડિંગના માલિક અને શ્રમિકો માટેના જવાબદાર કંપનીના માલિકની ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. તો બીજીતરફ ચોંકાવનારી વાત એવી સામે આવી છે કે, આ બિલ્ડિંગમાં ૧૬૦થી વધુ લોકો ગેરકાયદેસર રહેતા હતા. આ ઉપરાંત બિલ્ડિંગના માલિક કેરળના બિઝનેસમેન હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. ઘટનનાની જાણ થતાં કુવૈત સ્થિત ભારતીય રાજદૂત ત્યાં પહોંચી ગયા છે. આ ઉપરાંત દૂતાવાસે ઈમરજન્સી હેલ્પલાઈન નંબર +965-65505246 જારી કર્યો છે.


કુવૈતના નાયબ PM ફહદ યૂસુફ અલ સબા ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને આગના કારણોની તપાસ કરવા આદેશ આપી દીધા છે. એક વિરષ્ઠ પોલીસ કમાન્ડરે સ્ટેટ ટીવીને કહ્યું કે, જે બિલ્ડિંગમાં આગ લાગી, તેમાં શ્રમિકોના ક્વાર્ટર બનાવાયેલા છે. કુવૈતના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, આગમાં લગભગ ૪૩ લોકોનો હોસ્પિટલમાં ખસેડાયા છે.

### PM મોદીએ ભારતીયોની સહાયતા માટે તાત્કાલિક પ્રધાનને કુવૈત મોકલ્યા



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈત અગ્નિકાંડ અંગે સત્વરે કાર્યવાહી કરતાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહને કુવૈત જવા માટે આદેશ કર્યો છે. કુવૈતમાં એક રહેઠાણ ઈમારતમાં આગ લાગવાને લીધે મોટી સંખ્યામાં ભારતીયોના મોત અને વ્યાપક જાનહાનિની સ્થિતિને જોતા રાહત કાર્યોની દેખરેખ તથા કુવૈત સરકાર સાથે સમન્વય માટે વિદેશ રાજ્ય મંત્રીને મોકલવાના આદેશ આપ્યા છે.

## રાજકોટ અગ્નિકાંડનો ફાઈનલ રિપોર્ટ 20 જૂને SIT સરકારને અહેવાલ સુપરત કરશે




ભારત હેડલાઈન, તા.૧૨

રાજકોટના TRP ગેમઝોનમાં ૨૫મી મેના રોજ ૨૭ લોકો બળીને ભડથું થઈ ગયાં હતાં. ત્યારે ઘટનાની તપાસ માટે સરકારે SIT બનાવી હતી. આ SITએ પ્રાથમિક અહેવાલ ૩૧મી મેએ સોંપ્યો હતો. ત્યારે ફાઈનલ રિપોર્ટ ૨૦મી જૂને સરકારને સોંપી દેશે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં આ સંદર્ભે ચર્ચા થઈ હતી જેની રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ અગ્નિકાંડમાં ચૂંટાયેલા પ્રતિનિધિની સંડોવણી હશે તો પગલાં ભરાશે.

ઋષિકેશ પટેલ કહે છે કે, ૨૫ તારીખે સાંજે આ બનાવ બન્યો છે ત્યારે મધરાત્રે જ સીટની રચના અને સીટે કરવાની કામગીરીની તમામ બાબતનો સમાવેશ કર્યો. તમામને કામ કરવા માટે દિશા પણ આપી હતી. એ બાદ તરત જ એફઆઈઆર પણ કરી હતી અને પ્રાથમિક રિપોર્ટ ૪૮ કલાકમાં જ સરકારને સોંપાઈ ગયો હતો.

## ચંદ્રાબાબુ નાયડુએ ચોથી વખત આંધ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં

ભારત હેડલાઈન, તા.૧૨



ટીડીપીના પ્રમુખ એન ચંદ્રબાબુ નાયડુએ આજે ચોથી વખત આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લઈ લીધા હતા. આ સાથે જ જન સેના પાર્ટીના અધ્યક્ષ પવન કલ્યાણે પણ ઉપ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. આ સમારોહમાં પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા, નીતિન ગડકરી, એકનાથ શિંદે પણ હાજર રહ્યા હતા.

## વાંકાનેર તાલુકામાં જે જમીન ૧૯૫૩માં દાતાઓ દ્વારા મુસ્લિમ સમુદાયના ભુમિહીનોને ભુદાનમાં મળેલ હતી તે જમીનની ખરીદી કરી તેમા પરિવારોના નામો પણ સમાવેશ કરી દિધા !?



# રાજકોટ મનપાના ATP દ્વારા ખાતાના વડાને અંધારામાં રાખી ભુદાનની જમીન મેળવી લીધી !?

ભારત હેડલાઈન, તા.૧૨

ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ની જોગવાઈ અનુસાર કોઈપણ સરકારી કર્મચારી તેની સરકરી ફરજો અદા કરવામાં મુંઝવણ ઉભી કરે અથવા અસર કરે એવું કોઈ રોકાણ કરી શકે નહિ અથવા તેના કુંટબના કોઈપણ સભ્યને તેમ કરવાની છુટ આપી શકશે નહિ. તેમજ જીસીસી રૂલ્સ-૧૯૭૧ના નિયમ -૨૧ અનુસાર પણ કોઈપણ સરકારી કર્મચારી જેમાં તે નોકરી કરતા હોઈ અથવા તે તત્પુરતો તેને નોકરીમાં રાખવામાં આવ્યો હોઈ તે ખાતા અથવા કચેરીના હુકમો દ્વારા અથવા તે હેઠળ જે-તે સમયે અમલમાં હોઈ એવા કાયદાની જોગવાઈઓ અનુસાર વેંચવામાં આવે અથવા હરાજી કરવામાં આવે તેવી કોઈ મિલ્કત જાતે કે એજન્ટ દ્વારા અથવા તેના પોતાના નામે કે બીજાના નામ પર અથવા સંયુક્ત રીતે કે બીજાઓની સાથે ભાગમાં ખરીદી શકશે નહિ કે હરાજીમાં તેને માટે બોલી મુકી શકશે નહિં તેવું સ્પષ્ટ જણાવેલ છે.પ્રશ્ન એ છે કે રાજકોટ મહાનગરપાલિકાના એક આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર દ્વારા જે ખાતામાં તેઓ સેવા આપે તે ખાતાના વડાને પણ અંધારામાં રાખી ભુદાન સમિતિ દ્વારા વાંકાનેર તાલુકામાં જે જમીન ૧૯૫૩માં દાતાઓ દ્વારા મુસ્લિમ સમુદાયના ભુમિહીનોને ભુદાનમાં જમીન મળેલ હતી તે જમીનની ખરીદી કરી તેમા પરિવારોના નામો પણ સમાવેશ કરી દિધા. શું સરકાર અંધારામાં કે આંખ આડા કાન? મનપાના ATPએ ભૂદાનમાં મળેલ જમીનને પોતાના નામે કરી લેવાનું મસ મોટું કૌભાડ આચર્યું હોવાનું સામે આવ્યું છે. અગ્નીકાંડ બાદ પોતાના કાર્યક્ષેત્રમાં કરેલી કીમિયાગીરી, સાથોસાથ પરિવાર માટે કરી જમીન ખરીદી કરેલ છે. ભૂદાનમાં મળેલ જમીન કાળાંધોળા કરી પોતાના પરિવારના નામે કરી લીધી હોવાનું સામે આવ્યું છે. પરિવારના નામે કરાયેલ જમીનના માલિકોમાં બે વ્યક્તિ સરકારી કર્મચારી હોવાનું ખુલવા પામ્યું છે. વાડીના ગાડા માર્ગે ચાલતું મરઘાં ઉછેર કેન્દ્ર કોનું તે પ્રશ્ન ઉઠવા પામ્યો છે. જમીન પોતાના નામે કરવા ગ્રામ પંચાયતના રેકર્ડ સાથે કરી હશે કીમિયાગીરી.. કારણ કે પચાવેલ કે ખરીદેલ આ જમીન કોઈના નામે ટ્રાન્સફર ના કરી શકાય.. તેવો સરકારી નિયમ હોય, તપાસ થાય તો કરોડો રૂપિયાની છેતરપિંડી અને પોતાના ફરજ વિસ્તારમાં કરેલ અનેક કાળા કરતૂતો સામે આવે તેમ છે. કલેકટર, નાયબ કલેકટર, મામલતદાર, મહેસૂલી તલાટી વિગેરે અંધારામાં કે ભાગ બટાઈ તેવું લોકો પૂછી રહ્યા છે. રાજકોટ મનપાના એક ATPએ ભૂદાનમાં મળેલ જમીન કાળાંધોળા કરી પોતાના પરિવારના નામે કરી લીધી હોવાની વાત સામે આવી છે. નામે કરવા ગ્રામ પંચાયતના રેકર્ડ સાથે આ અધિકારીએ કરી હશે કીમિયગીરી કારણ કે પચવેલ કે ખરીદેલ આ જમીન કોઈના નામે ટ્રાન્સફર ના કરી શકાય.. તેવો સરકારી નિયમ છે. આ અધિકારી સામે તપાસ થાય તો કરોડો રૂપિયાની છેતરપિંડી અને પોતાના ફરજ વિસ્તારમાં કરેલ અનેક કાળા કરતૂતો સામે આવે તેમ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સંત વિનોબા ભાવેએ ભૂદાન ચળવળ હેઠળ ગરીબ ખેતમજુરો માટે જમીનદારો પાસેથી દાનથી જમીન મેળવી ખેતમજુરોને અપાવી હતી તે જમીનો વેચી મારવાનો કારસો ચાલી રહ્યો છે. ભુદાનમાં મળેલ જમીન ખેડી ન શકીએ તો સરકારને જમીન પરત કરવી પડે છે. ભૂદાનની જમીન 'બિનખેતી' થઈ શકતી નથી. જો કોઈ સંજોગોમાં તે બિનખેતી કરવી પડે તો ફરજિયાત રીતે સરકારની મંજુરી લેવી પડે છે. જો આ જમીન ખેડવી ન હોય તો તે સરકારને પરત કરવી પડે છે. આ જમીન ઉપર જેને જમીન ફાળવાઈ હોય તે જ ખેતી કરી શકે છે. સરકારની પૂર્વ મંજુરી વગર ભૂદાનની જમીનનો નિકાલ થઈ શકે નહીં. મહેસૂલ વિભાગના પત્રમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે ભૂદાન સમિતિ જેવી કોઈ સંસ્થા હયાત નથી, માટે આ સંસ્થા પ્રમાણપત્ર આપી શકતી નથી.ખેડૂત સામે પણ કાર્યવાહી થઈ શકે. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ જો કોઈ ખેડૂત પોતાની પાસે રહેલી ભૂદાનની જમીન વેચી નાખે તો સામાન્ય જમીનના કાયદા મુજબ તેની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

સરકારી જોગવાઈ મુજબ ભૂદાનમાં મળેલી જમીનના ૭-૧૨ અને ૮- અના ઉતારામાં 'ભૂદાન સમિતિ તરફથી' આ લખવું ફરજિયાત છે. મહેસૂલ વિભાગમાં તા ૩-૧૧-૮૮ના પત્રક ક્રમાંક ભદન-૨૭૮૪-૧૭૭૯-ક મુજબ ૭-૧૨ના ઉતારા માંથી ભૂદાન હટાવી શકાય નહીં. તે કયારેય કમી થઈ શકે નહીં. જો કે ભૂદાન સમિતિ ૭-૧૨ના ઉતારામાંથી પોતાનો હક-દાવો જતો કરવા માટે 'ના વાંધા પ્રમાણપત્ર' આપે છે, જે ખોટું છે. ભૂદાનમાં આપેલી જમીન અંગેની શરતો બાબતે આપેલી સૂચનાઓમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલું છે કે ભૂદાનની જમીન દાનમાં મેળવનાર વ્યક્તિ દાન આપનાર વ્યકિતને પ્રાપ્ત એવા તમામ અધિકારો તે જમીન ઉપર ધરાવી શકે છે. એટલે જો દાન આપનાર વ્યક્તિની જમીન મૂળ નવી અને અવિભાજ્ય શરતની હોય તો તેટલા જ મર્યાદિત હક્કો દાન મેળવનાર વ્યકિતને હોય અને અને પ્રાપ્ત થાય. વળી જો દાન આપનારની જમીન જૂની શરતની હોય તો દાન મેળવનાર વ્યકિત/પૂરા હક્કવાળી મેળવશે.

વધુમાં ભૂદાનમાં આપવામાં/મેળવવામાં આવેલી જમીન ખાતેદારે જાતે ખેડવાની હોય છે. આ જમીન વેચવાની, ભાગે કે સાંથેથી આપવાની હોતી નથી તેમજ પડતર પણ રાખવી નહીં એવી શરતે અપાયેલી હોય છે. તે સંજોગોમાં આ જમીનનું વેચાણ કરવામાં આવે તો ટ્રાન્સફર કે અન્ય ત્રાહિતના કબજે સોંપવામાં આવે તો ચોકકસપણે શરતનો ભંગ થાય. આમ ભૂદાનમાં મેળવવામાં આવેલ જમીન તેવા જમીન ધારણ કરનાર વેચી કે તબદીલ કરી શકે નહીં. તે સંજોગોમાં આ જમીન અંગે સત્તા પ્રકાર મૂળ જે હોય તે જ રહે છે. તેથી ભૂદાનમાં મેળવવામાં આવેલી જમીનને જે તે જમીન ધારણ કરનાર કોઈપણ સંજોગોમાં વેચી શકશે નહીં તેવી રેવન્યુ રેકર્ડમાં ફેરફાર એન્ટ્રી પાડવી જોઈએ અને બીજી જે પણ કાર્યવાહી કરવાની થાય તે પણ સરકારશ્રીએ આપેલી સૂચનાઓ મુજબનો અમલ કરવાનો રહેશે. શું તંત્ર આ બાબતે અજાણ છે કે આંખ આડા કાન કરી રહ્યું છે!?

# ફાયર NOC અને BU સર્ટિફિકેટ ચેક કરવા હવે પોલીસ ગમે ત્યારે ત્રાટકશે

## અગ્નિકાંડ બાદ હવે પોલીસ પણ બની સક્રિય

### પોલીસ મથકના અધિકારીઓ પોતાની હદમાં આવતી હોસ્પિટલો, સ્કુલ, કોલેજ, હોટલ રેસ્ટોરન્ટ, ગેમઝોન, મેળા, મોલ, ધર્મશાળાઓ, પેટ્રોલપંપ, કારખાનોઓમાં ચેકીંગ કરશે

ભારત હેડલાઇન, તા.૧૨

ટીઆરપી ગેમ ઝોન અગ્નિ કાંડ બાદ હવે ફાયર એનઓસી, બીયુ સર્ટિફિકેટ વગેરે ચેક કરવા પોલીસ ગમે ત્યારે ત્રાટકશે. પોલીસ મથકના અધિકારીઓએ પોતાની હદમાં આવતી હોસ્પિટલો, સ્કુલ, કોલેજ, હોટલ રેસ્ટોરન્ટ, ગેમઝોન, ખાનગી મેળા, મોલ, ધર્મશાળાઓ, પેટ્રોલપંપ, કારખાનોઓમાં ચેકીંગ કરવાનું રહેશે. રાજકોટમાં આ કામગીરી પોલીસે શરૂ પણ કરી દીધી છે. વોટરપાર્ક, ગેમઝોન વગેરે સામે ગુના પણ નોંધ્યા છે. આગળ પણ કાર્યવાહી શરૂ રહે તેવા સંકેત છે. મોટા ભાગે પોલીસ કોર્પોરેશન અને ફાયર વિભાગના અધિકારીઓને સાથે રાખી આ કાર્યવાહી કરી શકે છે. ડીસીપી ઝોન ૧ જગદીશ બાંગરવાએ તમામ પોલીસ મથકોને લખેલો એક પત્ર સામે આવ્યો છે. જેમાં કહ્યું છે કે, રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટના બાબતે ફાયર એન.ઓ.સી. ન હોવી, અનધિકૃત રીતે બાંધકામ, સંપૂર્ણ રીતે સુરક્ષાના સાધનો ન હોવાથી બનાવો બનાવા પામેલ છે. ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટનાઓ ન બને તેની તકેદારી બાબતે પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ્યાં રહેણાંક સોસાયટીઓ છે ત્યાં, ખાણીપાણીની ગેરકાયેદસર ચાલતી રેસ્ટોરન્ટ, ભોજનની સામગ્રીનું આડેધડ વેચાણ કરતી નાની નાની દુકાનો, રહેણાંક વિસ્તારોમાં બાળકોના આરોગ્યને હાનિ પહોચે તેવી અનધિકૃત ખડકાતી શાળાઓ, જંગલોની આજુબાજુમાં આવી ગેરકાદેસર નાની હાટડીઓ ખુલેલી છે તે, તેમજ હોસ્પિટલો, સ્કુલ, કોલેજ, કોચિંગ એકેડમી, હોટલ રેસ્ટોરન્ટ, ધાબા, ગેમઝોન, એમ્યુઝમેન્ટ પાર્ક, લોકમેળા, ખાનગી લોકમેળા, શોપીંગ મોલ, બેન્કવેટ હોલ, ટી-પોસ્ટ, ધર્મશાળાઓ, મુખ્યબજારો, પેટ્રોલપંપ, મોલ, તળાવો, મુખ્ય મંદિરો, કારખાનોઓ, કંપનીઓ, ગીચતા વાળા વિસ્તારો પબ્લીક સાથે સંકળાયેલી તમામ જગ્યાઓ જ્યાં વધારે અવર જવર રહે છે તેવી જગ્યાઓ ઉપર રૂબરૂ સ્થળ વિઝીટ કરી જરૂરી તમામ લાયસન્સો, ડોક્યુમેન્ટ, ફાયર સેફટી સાધનો, ફાયર એનઓસી, અન્ય સેફટીના સાધનો, જરૂરી તમામ લાયસન્સો, બાબતે ચેકીંગ અંગેની કાર્યવાહી કરવાની રહેશે. પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મચારીઓની ટીમો બનાવી સ્થળ ઉપર જઈ રૂબરૂ વિઝીટ કરી અસરકારક કામગીરી કરવાની રહેશે.

## પ્રતિકાર સંમેલનમાં જયરાજસિંહ-ગણેશ જાડેજાને પડકાર

# જયરાજસિંહ-ગણેશ અઠવાડિયું ગોંડલમાં બોડીગાર્ડ વિના ફરી બતાવેઃ રાજુ સોલંકી

ભારત હેડલાઇન, તા.૧૨

જૂનાગઢથી ગુજરાત અનુસુચિત જાતિ દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ રેલી આજે ગોંડલ પહોંચી હતી, જ્યાં પ્રતિકાર સંમેલન મળ્યું હતુ. જેમાં વક્તાઓએ મુખ્યત્વે પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાને આડેહાથ લઈને તેમની દંબગગિરીની પડકારી હતી.

આ બાઈક રેલી અને સંમેલનમાં જૂનાગઢ ઉપરાંત કેશોદ, જેતપુર અને ધોરાજી સહિત સૌરાષ્ટ્રભરમાંથી અનુસુચિત જાતિના યુવાનો ઉમટી પડ્યા હતા. દલિત સમાજ દ્વારા આયોજિત જૂનાગઢથી ગોંડલ પ્રતિકાર બાઈક રેલીમાં મોટી સંખ્યામાં મેઘવાળ સમાજના લોકો પણ ગોંડલ આવી પહોંચ્યા હતા. જ્યાં ખટારા સ્ટેન્ડ ખાતે સંમેલન સભા મળી હતી. પોલીસ તંત્ર દ્વારા કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.



આ દરમિયાન મુખ્ય સ્ટેજ પરથી જિલ્લા અનુ જાતિ મહામંત્રી દેવદાનભાઈ મુછડીયા દ્વારા ગોંડલ અડ્ખઈના ચેરમેન અલ્પેશ ઢોલરીયાની ઓડિયો ક્લિપ બહાર પાડવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, પાટીદાર આગેવાન દ્વારા પાટીદાર યુવાનને ધમકાવવાનો આ પુરાવો છે. જે બાદ મેઘવાળ સમાજના આગેવાન ભનુભાઈ ચૌહાણ, વશરામભાઈ સાગઠીયા, નિખીલભાઈ ચૌહાણ, નવચેતનભાઇ સોલંકી, અશોકભાઈ સિંધવ, જયંતીભાઈ રાઠોડ, વસંતભાઈ ચાવડા, અશોકભાઈ લીલાધર, યોગેશભાઈ ભાષા અને મનસુખભાઈ રાઠોડ રામોદ સહિતનાઓ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આખરે આ બનાવનાર મુખ્ય ફરિયાદી રાજુભાઈ સોલંકી દ્વારા જનસભાને સંબોધવામાં આવી હતી અને કહેવાયું હતું કે, અમે વટલાઈ ગયેલા છીએ. મારું અને જયરાજસિંહનું DNA ચેક કરવામાં આવે તો મારા ડીએનએમાં પણ ક્ષત્રિય જ આવે.

વધુમાં જયરાજસિંહ જાડેજાને ખુલ્લી ચેલેન્જ આપતા રાજુભાઈ સોલંકીએ જણાવ્યું કે, મારે ચાર દીકરા છે. તારે એક દીકરો છે. કોઈ ભૂલ કરતા નહીં. ગોંડલ શહેર અને તાલુકાના કોઈપણ જગ્યાએ અન્યાય થશે, તો તેઓ જરૂરથી હાજર રહેશે.

આ ઉપરાંત રાજુભાઈ સોલંકી મોટી જાહેરાત કરતા કહ્યું હતું કે, જો જયરાજસિંહ અને તેનો દીકરો ગણેશ એક અઠવાડિયું ગોંડલની બજારમાં બોડી ગાર્ડ વગર ફરી બતાવે તો હું આ કેસમાં સમાધાન કરી લઈશ.

## રાજકોટના ઈમિટેશનના વેપારીની મુંબઈની બાર ગર્લ સામે ફરિયાદ

ભારત હેડલાઇન, તા.૧૨

શહેરના કોઠારીયા રોડ પર ન્યુ સાગર સોસાયટીમાં રહેતા અને ઈમીટેશનનો વેપાર કરતા ઈમરાનભાઈ યુનિસભાઈ ધાનાણી ઉ.૩૪એ ભકિતનગર પોલીસ મથકમાં દિલ્હી તિલકનગર વેસ્ટમાં રહેતી અને મુંબઈમાં બાર ડાન્સર તરીકે કામ કરતી ખુશ્બુ સતીષકુમાર સામે બ્લેકમેલ કરી રૂ.૯૫ હજાર પડાવી લીધા બાદ ફોટા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી વધુ રૂ.૫ લાખની માંગણી કર્યાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યુ હતું કે, પોતે છેલ્લા ૧૨ વર્ષથી મુંબઇના અલગ અલગ વિસ્તારોમાં ઈમીટેશનને લગતો વેપાર ધંધો કરતો હોય બે વર્ષ પહેલા મુંબઇ પનવેલમાં નાઇટ રાઇડમાં આરોહી નામની છોકરી સાથે પરીચય થયો હતો બાદ આ જગ્યાએ અવાર નવાર જતો હતો જ્યારે અમે ફરવા જતા ત્યારે તેની ફ્રેન્ડ અમારી સાથે ઘણી વખત આવતી હોય જેથી તેની સાથે પરીચય થયેલ હતો. બાદમાં એક વખત બંન્ને રાજકોટ આવ્યા હતા ત્યારે પણ ફરવા ગયા હતા. ત્યાર બાદ અચાનક ખુશ્બુનો ફોન આવ્યો અને કહ્યુ કે તારા અને આરોહીના સાથે ફોટા અને વિડીયો મારા મોબાઈલ ફોનમાં છે. જેથી મે ફોટા તથા વિડીયો ડિલીટ કરી નાખજે તેમ કહેતા બારડાન્સરે ડિલીટ કરવા માટે રૂ.૪,૫૦૦ પડાવ્યા હતા. બાદ બીજીવાર ૪૦,૦૦૦ની માંગણી કરતા મે રૂ.૩૬,૦૦૦ આપ્યા હતા.

# રિમાન્ડ પૂરા થતાં ફરજમાં બેદરકારી દાખવનાર સાગઠિયા સહિત ચારેય અધિકારીઓ જેલ હવાલે

ભારત હેડલાઈન, તા.૧૨

TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં સંચાલકો અને મેનેજરની ધરપકડ બાદ મહાનગર પાલિકાના પૂર્વ ટાઉન પ્લાનિંગ ઑફિસર સહિત ૪ની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરીને રિમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરી હતી. આજે ચારેયના રિમાન્ડ પૂર્ણ થતાં પૂર્વ TPO, બે ATP અને પૂર્વ ફાયર ઑફિસરને જેલમાં ધકેલાયા છે.

આજથી બે દિવસ પૂર્વ સરકારની SIT દ્વારા પોલીસ કસ્ટડીમાં રહેલા ચારેયની પૂછપરછ કરવામાં આવી હતી. આજે ચારેયને જેલ હવાલે કરવામાં આવ્યા છે. આ સાથ જ જરૂર જણાશે, તો આગામી દિવસોમાં જેલમાં આ ચારેયની પૂછપરછ કરવાની પણ ક્રાઈમ બ્રાન્ચે તૈયારી દાખવી છે.

TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાન્ચે સંચાલક અને ભાગીદારો સહિતના લોકોની ધરપકડ કર્યા બાદ આ



મામલે મનપાના પૂર્વ ટાઉન પ્લાનિંગ ઑફિસર મનસુખ સાગઠિયા, ATP ગૌતમ જોશી, મુકેશ મકવાણા અને સ્ટેશન ઑફિસર રોહિત વિગોરાની ધરપકડ કરી હતી. મનપાના આ ચારેય અધિકારીઓએ પોતાની ફરજમાં બેદરકારી દાખવી હતી. જેમની ફરજ દરમિયાન TRP ગેમ ઝોનની ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની નોટિસ આપવા છતાં એક વર્ષ સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહતી આવી.

આટલું જ નહીં, ગત ૪ મેના રોજ ગેમ ઝોનનું બાંધકામ રેગ્યુલરાઈઝ્ડ કરવા માટે અરજી સંદર્ભે સુરક્ષાની દ્રષ્ટિએ કોઈ ચકાસણી કરાઈ નહતી. તેમજ ફાયર વિભાગના રોહિત વિગોરાએ ૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ગેમ ઝોનમાં આગ લાગવા છતાં ફાયર સેફ્ટી અને NOC બાબતે કાર્યવાહી ના કરીને ફરજમાં બેદરકારી દાખવી હતી. આ ચારેય સામે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી રિમાન્ડ મેળવી પૂછપરછ કરી હતી. આજે રિમાન્ડ પૂર્ણ થતાં ચારેયને જેલ હવાલે કરવામાં આવ્યા છે. આ બાબતે ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ જણાવ્યું કે, ગેમઝોનમાં લાગેલી આગ બાદ મહાનગરપાલિકાના અધિકારીઓની બેદરકારી સામે આવી હોય અને આ ઘટનામાં આગામી દિવસોમાં તપાસમાં જો પદધિકારીઓ સાથેની સાંઠગાંઠની માહિતી બહાર આવશે તો જરૂર પડીએ આ ચારેયની જેલમાં પણ પુછપરછ કરવામાં આવશે.

**રાજકોટની સિવિલનો વધુ એક વિવાદ**

# ડોક્ટરે દર્દી સાથે ગેરવર્તન કર્યું હોવાનો વધુ એક વીડિયો વાઈરલ

## સિવિલ અધિક્ષક આર. એસ. ત્રિવેદીએ કહ્યું-૧૫ દી' પૂર્વેની ઘટના છે

ભારત હેડલાઈન, તા.૧૨

રાજકોટની સિવિલ હોસ્પિટલ અવારનવાર કોઈને કોઈ વિવાદોમાં ઘેરાયેલી રહે છે ત્યારે હાલ વધુ એક વિવાદ સામે આવ્યો છે. જેમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દી સાથે ડોક્ટરે ગેરવર્તન કર્યું હોવાના આરોપો લાગ્યા છે. આ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં ડોક્ટરે વીડિયો બનાવનારની માતાને 'તું' કહીને બોલાવ્યાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. જોકે, આ અંગે સિવિલ અધિક્ષક ડો. આર. એસ. ત્રિવેદી દ્વારા વીડિયો ૧૫-૨૦ દિવસ પહેલાનો હોવાનો ઉપરાંત આ બાબતે સમાધાન થયું હોવાનું જણાવાઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ હાલ સોશિયલ મીડિયામાં સિવિલ હોસ્પિટલનો એક વીડિયો ભારે વાઈરલ થયો છે. જેમાં કોઈ દર્દીના સગા ડોક્ટરે મોબાઈલનાં ઘા કર્યા હોવાનું જણાવી રહ્યા છે




તેમજ વારંવાર બોલાવવા છતાં તબીબ નહીં આવતા હોવાનો આરોપ ડોક્ટર સમક્ષ જ લગાવે છે. તું ડોક્ટર નહીં પણ ખાટકી છો તેમ કહીને આ દર્દીના સગા તેમને નરકમાં જવાના છો તેવું કહી રહ્યા છે. તેમજ આ લોકો કોકનો ખાર કોક ઉપર ઉતારતા હોવાનું અન્ય પેશન્ટોને જણાવાઈ રહ્યું છે. પોતાના મમ્મી ૬૫ વર્ષના વૃદ્ધ હોવા છતાં ડોક્ટરે તું કહીને બોલાવ્યા હોવાનું પણ દર્દીના સગા જણાવી રહ્યા છે. અને ડોક્ટર પાસે નામ બોલાવતા ડોક્ટર પોતાનું નામ મંથન મોદી હોવાનું કહી રહ્યા છે. આ સિવાય આખા વીડિયોમાં ડોક્ટર મૌન જ જોવા મળે છે.

સિવિલ અધિક્ષક ડો. આર.એસ.ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ ઘટના પંદરેક દિવસ પહેલાની છે અને બધું શોર્ટઆઉટ થઈ ગયું હતું તેમજ વીડિયોમાં ડોક્ટરને કેવી રીતે ધમકાવવામાં આવી રહ્યા છે? તે સ્પષ્ટ જોઈ શકાય છે. ડોક્ટરે કોઈપણ પ્રકારનું ગેરવર્તન કર્યું હોવાનો સવાલ જ નથી. જોકે, ૧૫-૨૦ દિવસ પહેલા બનેલી આ ઘટનામાં જે-તે સમયે જ સમાધાન થઈ ગયું હોવાનો બચાવ પણ તેમણે કર્યો હતો અને આ બાબતે વધુ કાંઈ કહેવાનું ટાળ્યું હતું.

# એડમિશન ન મળવાની બીકે વિદ્યાર્થીઓ ખાનગી યુનિવર્સિટી તરફ વળ્યાં !

## સૌરાષ્ટ્ર યુનિ.ની ૧,૧૮,૨૪૦ સીટની સામે પ્રથમ રાઉન્ડમાં માત્ર ૪૭,૭૧૪ સીટ જ ભરાઈ

ભારત હેડલાઈન, તા.૧૨

એક સમયે A+ ગ્રેડ ધરાવતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના ભવનોમાં અભ્યાસ માટે પડાપડી થતી પરંતુ, આજે મોટાભાગના ભવનોમાં સીટો સાવ ખાલીખમ પડી છે. હાલ પ્રવેશ પ્રક્રિયાનો પહેલો રાઉન્ડ પૂરો થઈ ગયો છે ને પ્રથમ રાઉન્ડના અંતે યુનિવર્સિટીની ફક્ત ૪૦.૩૫ ટકા જ સીટ ભરાઈ છે તો બીજી તરફ ખાનગી યુનિવર્સિટીઓમાં એડમિશન માટે હાઉસફૂલની સ્થિતિ સર્જાઈ છે. નવાઈની વાત એ છે કે, ધો.૧૨ના પરિણામ બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૬૦ ટકા સીટ હજુ ખાલીખમ છે જ્યારે ખાનગી યુનિવર્સિટોઓમાં એડમિશન માટે વિદ્યાર્થીઓમાં પડાપડી થઈ રહી છે.

આ યુનિવર્સિટીમાં ૧,૧૮,૨૪૦ સીટ સામે ૪૭,૭૧૪ વિદ્યાર્થીઓએ એડમિશન માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં એજ્યુકેશન, સાયન્સ, આર્કિટેક્ચર, આર્ટસ, બિઝનેસ મેનેજમેન્ટ, કોમર્સ, મેડિકલ, હોમ સાયન્સ, લો, પરફોર્મિંગ આર્ટસ સહિતની ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવ્યા છે. જોકે, પ્રવેશના પ્રથમ રાઉન્ડના અંતે ૬૦ ટકા જેટલી સીટ ખાલી રહી છે. જયારે ૪૦.૩૫ ટકા સીટ ભરાઈ છે. આર.કે. યુનિવર્સિટીમાં ૧,૨૬૦ બેઠક સામે ૫૫૦ બેઠકો પર વિદ્યાર્થીઓના એડમિશન કન્ફર્મ થઈ ચૂક્યા છે. જોકે, તેમાં એન્જિનિયરિંગ, ફાર્મસી, ફિઝિયોથેરાપી અને આયુર્વેદ એમ કાઉન્સિલના કોર્સમાં પ્રવેશની પ્રક્રિયા કેન્દ્રિય કક્ષાએથી બાકી હોવાથી સીટ ખાલી છે. BBA અને BSCમાં પૂરેપૂરી એટલે કે ૨૪૦ સીટ પર વિદ્યાર્થીઓએ એડમિશન લઈ લેતા હવે જગ્યા રહી નથી.



## રાજ્યભરમાં બફારા વચ્ચે વરસાદી માહોલ જામશે

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે સરેરાશ ૩૮ દિવસ સુધી ભારેથી હળવો વરસાદ

ભારત હેડલાઇન, તા.૧૨

ગુજરાતમાં દર વર્ષે ૧૫ જૂને ચોમાસાની શરૂઆત થતી હોય છે પરંતુ, આ વર્ષે ૪ દિવસ અગાઉ એટલે કે ૧૧ જૂનથી જ રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે. હાલ ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે આ વર્ષે સિઝનના ૯૦-૯૫ દિવસોમાંથી સરેરાશ ૩૮ દિવસ સુધી ભારેથી હળવો વરસાદ પડવાની સંભાવના દર્શાવવામાં આવી રહી છે. હવામાન વિભાગે આગામી ૭ દિવસ માટે સાઈક્લોનિક સર્ક્યુલેશનને કારણે વરસાદની આગાહી કરી છે.

આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી કરી છે. રાજ્યના ૧૦થી વધુ જિલ્લાઓમાં આજે વરસાદ વરસી શકે.

આ વર્ષે ચોમાસાની સિઝનના ૯૦-૯૫ દિવસોમાંથી સરેરાશ ૩૮ દિવસ સુધી ભારેથી હળવો વરસાદ પડી શકે. જેમાંથી ૯ દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે, ૧૭ દિવસ મધ્યમ અને ૧૨ દિવસ સુધી હળવો વરસાદ પડવાની શક્યતા છે. આ સિઝન દરમિયાન ગુજરાતમાં કચ્છ, પૂર્વ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત જેવા ૫ ઝોનમાં વર્ષ ૧૯૯૨-૨૦૨૧ સુધીમાં એવરેજ કચ્છમાં ૪૫૬ મી.મી., પૂર્વ ગુજરાતમાં ૮૦૬ મિ.મી., ઉત્તર ગુજરાતમાં ૭૨૦ મિ.મી., સૌરાષ્ટ્રમાં ૭૧૭ મિ.મી. અને દક્ષિણ ગુજરાતમાં ૧૪૭૬ મિ.મી. વરસાદ પડતો હોય છે ત્યારે આ વર્ષે પણ ચોમાસામાં સારો વરસાદ પડવાની શક્યતા છે.

૧૨ જૂન : હવામાન વિભાગે આજે ૧૦થી વધુ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે જેમાં દક્ષિણ ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, દમણ, દાદરાનગર હવેલી, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ અને દીવમાં વરસાદ રહેશે.

૧૩ જૂન : અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર વરસાદ રહેશે.

૧૪ જૂન : વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ દાદરાનગર હવેલી, અમરેલી, ભાવનગરમાં વરસાદ રહેશે.

૧૫ જૂન : છોટાઉદેપુર, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ દાદરાનગર હવેલી, અમરેલી, ભાવનગરમાં વરસાદ રહેશે.

૧૬ જૂન : નવસારી, વલસાડ, દમણ દાદરાનગર હવેલી, ગીર-સોમનાથમાં વરસાદ રહેશે.

૧૭ જૂન : નવસારી, વલસાડ, દમણ દાદરાનગર હવેલી, ગીર-સોમનાથમાં વરસાદ રહેશે.

૧૮ જૂન : ડાંગ, નવસારી, વલસાડ, દમણ દાદરાનગર હવેલી, ગીર-સોમનાથ વરસાદ રહેશે.

# ઉપલેટા HDFC બેંક સાથે લાખોની છેતરપિંડી, નવ વ્યક્તિ સામે ફરિયાદ

## બેન્કના મેનેજરે ભાયાવદર પોલીસ મથકમાં ૬૪ લાખ ઉપરાંત છેતરપિંડીની નોંધાવી ફરિયાદ

(અહેવાલઃ ઈમરાન સરવદી) ભારત હેડલાઇન, તા.૧૨


ઉપલેટા ની એચ.ડી.એફ.સી. બેન્કમાં ખોટા બિલો અને ડોક્યુમેન્ટ રજૂ કરી ૬૪ લાખ ઉપરાંતની રકમની લોન મેળવી લોન નહીં ભરેલ તેમજ શરતોનું પાલન નહીં કરતા એચ.ડી.એફ.સી. બેન્કના રિજનલ મેનેજર દ્વારા ઢાંક ગામના નવ વ્યક્તિઓ સામે છેતરપિંડી સહિતની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે જેમાં આ છેતરપિંડીમાં બેંક મેનેજર દ્વારા પુરુષો તેમજ મહિલાઓ સહિત નવ જેટલા વ્યક્તિઓના નામની ભાયાવદર પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ બાબતના ફરિયાદી અને એચ.ડી.એફ.સી. બેન્કના રિજનલ મેનેજર કેતનભાઇ જગદીશચંદ્ર દવે દ્વારા પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે જેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે તે વ્યક્તિઓ એચ.ડી.એફ.સી. બેન્કની ઉપલેટાની શાખામાં ગ્રાહક બની પશુ ખરીદવા માટે તેમજ પશુ




સંબંધિત પશુપાલકોને મળતી લોન મેળવવા માટેની અરજીઓ કરી તેમની સાથે દૂધની આવક અંગેના દાખલાઓ તેમજ અલગ-અલગ દૂધની ડેરીઓ ખાતેથી બનાવટી ડોક્યુમેન્ટ મેળવી અને ખોટી માહિતીઓ આપી બનાવટી ડોક્યુમેન્ટ ને ખરા તરીકે ઉપયોગ કરી બેંકમાંથી લોન મેળવી બેંકને લોનની રકમ નહીં ચૂકવતા તેમજ લોનના એગ્રીમેન્ટની શરતોનું પાલન નહીં કરતા બેન્ક દ્વારા આપવામાં આવેલી કુલ રૂપિયા ૬૪,૬૬,૪૯૯/- ના નાણાની રકમ નહીં ચૂકવતા બેંક સાથે છેતરપિંડી કરી હોવાની બાબતે ભાયાવદર પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ મામલાની અંદર એચ.ડી.એફ.સી. બેન્કના મેનેજર દ્વારા નોંધાવેલી પોલીસ ફરિયાદમાં ઉપલેટા તાલુકાના ઢાંક ગામના મહાવીરસિંહ ગોગુભા વાળા, રમેશભાઈ કાનભાઈ કરોતરા, ભીખાભાઈ પુંજાભાઈ ભારાઈ, હીરાભાઈ ધાનાભાઈ ભારાઈ, ભીખુભાઈ મંગળુંભાઈ ભીખુભાઈ માલા, મધુબેન હરસુરભાઈ માકડ, ભીખાભાઈ ચનાભાઈ કરોતરા, ટમુબેન ભીખાભાઈ કરોતરા અને રંજનબેન ભાણાભાઈ ડાંગર સહિત નવ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે જેમાં પોલીસે પુરૂષો તેમજ મહિલાઓ સહિત નવ વ્યક્તિઓ સામે આઈ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધી ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. તપાસ ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર આર.વી. ભિમાણી ચલાવી રહ્યા છે.

# લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આગામી આર્મી ચીફ: ૩૦ જૂને ચાર્જ સંભાળશે

- આ દિવસે વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડે થઈ રહ્યા છે નિવૃત્ત




ભારત હેડલાઈન, તા.૧૨

કેન્દ્ર સરકારે ૧૧ જૂન, મંગળવારે રાત્રે લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીને નવા આર્મી ચીફ તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડેનું સ્થાન લેશે. લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ૩૦ જૂને ચાર્જ સંભાળશે. આ દિવસે વર્તમાન આર્મી ચીફ જનરલ મનોજ પાંડે નિવૃત્ત થઈ રહ્યા છે.

લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ૩૦માં આર્મી ચીફ તરીકે ચાર્જ સંભાળશે. અગાઉ તેઓ વાઇસ ચીફ ઓફ આર્મી સ્ટાફ, નોર્ધન આર્મી કમાન્ડર, ડીજી ઈન્ફન્ટ્રી અને સેનામાં અન્ય ઘણા કમાન્ડના વડા તરીકે દેશની સેવા કરી ચૂક્યા છે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી હાલમાં વાઇસ ચીફ ઓફ આર્મી સ્ટાફ તરીકે સેવા આપી રહ્યા છે. સરકારે તેમની નિમણૂકમાં વરિષ્ઠતાના સિદ્ધાંતનું પાલન કર્યું છે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી પછી સૌથી વરિષ્ઠ અધિકારી સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અજય કુમાર સિંહ છે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી અને લેફ્ટનન્ટ જનરલ અજય કુમાર સિંહ બંને ૩૦ જૂને નિવૃત્ત થવાના હતા.

ત્રણેય સેવાઓના વડા ૬૨ વર્ષ અથવા ત્રણ વર્ષ, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી સેવા આપી શકે છે. જો કે, લેફ્ટનન્ટ જનરલ રેન્કના અધિકારીઓની નિવૃત્તિ વય ૬૦ વર્ષ છે, સિવાય કે અધિકારીને ફોર સ્ટાર રેન્ક માટે મંજૂરી આપવામાં આવે.

ટેક્નોલોજીના ઉપયોગ માટે ઉત્સાહી હોવાને કારણે, લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ ઉત્તરી કમાન્ડમાં તમામ રેન્કની તકનીકી સીમાઓ વધારવાની દિશામાં કામ કર્યું. તેમણે બિગ ડેટા એનાલિટિક્સ, AI, ક્વોન્ટમ અને બ્લોકચેન-આધારિત ઉકેલો જેવી મહત્વપૂર્ણ અને ઉભરતી તકનીકોને પ્રોત્સાહન આપ્યું.

## લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીના બે વિદેશી કાર્યકાળ

લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીની બે વિદેશી સોંપણીઓ દરમિયાન, સોમાલિયા હેડક્વાર્ટર UNOSOM II નો એક ભાગ હતું. સેશેલ્સ સરકારના લશ્કરી સલાહકાર તરીકે પણ સેવા આપી હતી. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીએ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન અને AWC, મહુ ખાતે હાઈ કમાન્ડના અભ્યાસક્રમમાં પણ હાજરી આપી હતી. તેમને USAWC, કાર્લિસલ, USA ખાતે પ્રતિષ્ઠિત ફેલોથી નવાજવામાં આવ્યા હતા. તેમણે ડિફેન્સ અને મેનેજમેન્ટ સ્ટડીઝમાં એમફિલની ડિગ્રી મેળવી છે. વધુમાં મિલિટરી સાયન્સમાં બે માસ્ટર ડિગ્રી છે, જેમાંથી એક યુએસએડબલ્યુસી યુએસએની છે.

# ઘઉંનો સ્ટોક ૧૬ વર્ષમાં સૌથી ઓછો: તાત્કાલિક આયાત કરવી પડે તેવી સ્થિતી

- લોટ મોંઘો થશે; ઊંચા ભાવે પણ સરકારી ખરીદીમાં ૨૯% ઘટાડો થયો

ભારત હેડલાઈન, તા.૧૨

ઘઉં એક વર્ષમાં ૮% મોંઘા થયા છે. છેલ્લા ૧૫ દિવસમાં કિંમતોમાં ૭%નો વધારો થયો છે, જે આગામી ૧૫ દિવસમાં વધુ ૭% વધી શકે છે. ખરેખરમાં, સરકારી સ્ટોર્સમાં ત્રણ મહિનાનો (૧૩૮ લાખ ટન) ઘઉંનો સ્ટોક હંમેશા હોવો જોઈએ. પરંતુ આ વખતે ખરીદીની સિઝન શરૂ થાય તે પહેલા તે માત્ર ૭૫ લાખ ટન સ્ટોક હતો. અગાઉ ૨૦૦૭-૦૮માં તે ૫૮ લાખ ટન હતો એટલે કે હવે તે ૧૬ વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. આ સ્ટોક ૨૦૨૩માં ૮૪ લાખ ટન, ૨૦૨૨માં ૧૮૦ લાખ ટન અને ૨૦૨૧માં ૨૮૦ લાખ ટન હતો. રશિયા-યુક્રેન યુદ્ધ બાદથી વિશ્વમાં ઘઉંનો સરકારી સ્ટોક ઘટી રહ્યો છે. જો કે, સરકારે અત્યાર સુધીમાં કુલ ૨૬૪ લાખ ટન ઘઉંની ખરીદી કરી છે, પરંતુ સરકારનો લક્ષ્યાંક ૩૭૨ લાખ ટન છે.

ખરીદીનો સમય પણ ૨૨ જૂન સુધી લંબાવવામાં આવ્યો છે, પરંતુ ખરીદ કેન્દ્રોમાં માત્ર ન બરાબર જ ઘઉં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં 'મફત અનાજ યોજના' અને બીપીએલની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઘઉંની તાત્કાલિક આયાત કરવી પડી શકે છે.ભારતે છેલ્લે ૧૭-૧૮માં ઓસ્ટ્રેલિયા અને યુક્રેનમાંથી ૧૫ લાખ ટન ઘઉંની આયાત કરી હતી. ૨૦૨૧-૨૨માં કુલ ૮૦ લાખ ટન, ૨૨-૨૩માં ૫૫ લાખ ટન અને ૨૦૨૩-૨૪માં ૫ લાખ ટન ઘઉંની નિકાસ કરવામાં આવી હતી.



# ઓડિશામાં ભાજપ સરકાર, CM મોહન ચરણ માઝી અને બે Dy. CMએ શપથ લીધા

ભારત હેડલાઈન, તા.૧૨


ઓડિશામાં ભાજપની પહેલીવાર સરકાર બન્યા બાદ મોહમ માઝીએ રાજ્યના નવા મુખ્યમંત્રી બની ગયા છે. આજે મોહમ માઝીની સાથે બે નાયબ મુખ્યમંત્રી કે.વી. સિંહ દેવ (KV Singh Deo) અને પ્રવતિ પરિદા (Pravati Parida)એ પણ શપથગ્રહણ કર્યા છે. ભાજપે ઓડિશામાં પહેલીવાર પોતાના દમ પર બહુમતી મેળવી છે. ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં રાજ્યની ૧૪૭ બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટી (BJP)એ ૭૮ બેઠકો, બીજુ જનતા દળ (BJD) ૫૧, કોંગ્રેસે ૧૪, CPI(M) એક અને અપક્ષોએ ત્રણ બેઠકો જીતી છે. ભાજપની જીત બાદ રાજ્યમાં ૨૫ વર્ષથી શાસન કરી રહેલા નવીન પટનાયકની પાર્ટી બેજેડીની વિદાય થઈ છે.

ઓડિશાના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ મોહન માઝીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આશીર્વાદ પણ લીધા હતા. માઝીના મંત્રીમંડળમાં ૧૧ કેબિનેટ મંત્રી અને પાંચ રાજ્યમંત્રીએ પણ શપથગ્રહણ કર્યા છે. મુખ્યમંત્રી પદના દાવેદારોમાં સામેલ સુરેશ પૂજારી અને મુકેશ મહાલિંગાને માઝી કેબિનેટમાં સ્થાન અપાયું છે. આ ઉપરાંત નિત્યાનંદ ગોંડ, રબી નારાયણ નાઈક, કૃષ્ણ ચંદ્ર પાત્રા, પૃથ્વીરાજ હરિચંદન, બિભૂતિ ભૂષણ જેનાને કેબિનેટ મંત્રી પદ અપાયું છે. ગણેશ રામ સિંહ, સંપન સ્વેન, સૂર્યવંશી સૂરજ, પ્રદીપ બાલાસમંતા, ગોકુલાનંદ મલિકને રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો)નું પદ સોંપાયું છે.

# રાજકોટના વિવિધ જૈન સંઘોને આચાર્ય ભગવંત જયશેખર સુરીશ્વરજી મ. આદિ ઠાણા ધર્મલાભ આપશે

ભારત હેડલાઇન, તા.૧૨

જિન શાસન પ્રભાવક, પરમ વંદનીય ગુરુદેવ આચાર્ય ભગવંત પૂ. શ્રી જયશેખર સુરીશ્વરજી મહારાજ શેષકાળમાં રાજકોટના વિવિધ જૈન સંઘોમાં પધારીને ધર્મલાભ આપી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવ આવતીકાલ તા.૧૩ તથા તા.૧૪ના ગુરુવાર સુધી શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, સાધુ વાસવાણી રોડ, ગોપાલ ચોક ખાતે બિરાજશે. કાલે સવારે સંઘ દ્વારા ભવ્ય સામૈયું યોજાશે. તા.૧૫ના શનિવારના પૂજ્યશ્રી રૈયા હીલ શાંતિનાથ જિનાલયે પધારશે ત્યાં પૂજ્યશ્રીની નિશ્રામાં ધ્વજારોહણ યોજાશે. તા.૧૬મીના રવિવારે પૂજ્યશ્રી જાગનાથ જૈન સંઘમાં પધારશે. શ્રી મહાવીર સ્વામી (જાગનાથ દેરાસર) જિનાલય તથા ધર્મનાથ જિનાલયના દર્શન તથા પ્રવચનો વગેરે યોજાશે. તા.૧૭ તથા તા.૧૮ના એરપોર્ટ રોડ (શ્રી શાંતિનાથ જિનાલય) દેરાસરમાં સ્થિરતા કરશે. અત્રે ઉલ્લેખનીય ગણાશે કે એરપોર્ટ રોડ જિનાલયની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના વરદ હસ્તે કરાઇ હતી. તા.૧૯, ૨૦ના પૂજ્યશ્રી મણિયાર દેરાસરના નૂતન ઉપાશ્રય શ્રી માણિભદ્રવીર આરાધના ભવનમાં બિરાજશે. તા.૨૧મીના પૂજ્યશ્રી પ્રહલાદ પ્લોટ જૈન સંઘમાં પધારશે. તા.૨૨મીના આનંદનગર શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયના આંગણે તથા તા.૨૩મીના રવિવારે જયાનંદધામમાં બિરાજમાન દેવ-દેવી, ભૂમિપૂજન, શીલા સ્થાપન વગેરેના ચડાવા અમૃત ઘાયલ હોલ, બીજે માળ, યુનિ. રોડ ખાતે પૂજ્યશ્રીની નિશ્રામાં થશે. તા.૨૪મીના સોમવારના સ્વામિનારાયણ ચોકમાં આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ (કૃષ્ણનગર) જિનાલયે પધારશે. પૂજ્યશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઇ હતી. તા.૨૫મીના મંગળવારે મૂળ નાયકરૂપે બિરાજમાન છે. જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઝયો હતો. તા.૨૬, ૨૭ના કાલાવડ રોડ પર આવેલ શ્રી વિમલનાથ જિનાલય, તા.૨૮ના શ્રમજીવી કાચનું જિનાલય, તા.૨૯ના શાસ્ત્રીનગર, શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયે પધારશે. તા.૩૦ના આદેશો માટે રીઝર્વ રહેશે. તા.૧લી જુલાઇના સોમવારે ગાંધીગ્રામ જૈન સંઘ ધજામાં નિશ્રા, તા.૨ને મંગળવારે જીરાવલા પાર્શ્વનાથ જિનાલય (પાટીદાર ચોક)ની ધજામાં નિશ્રા, તા.૩ના યુનિ. રોડ જૈન સંઘમાં પધારશે. તા.૪ થી ૬ જુલાઇ જૈન શ્રેષ્ઠી રમેશભાઇના નિવાસસ્થાનેથી સંઘકાર્ય નિમિત્તે પૂજ્યશ્રી બિરાજશે.



# રાજકોટ એન્જી. એસો.ના સહયોગથી ૨૦ જેટલા ઉદ્યોગકારો કોરીયા મેટલ વીકમાં ભાગ લેવા જશે

- ૨૬ થી ૧૮ ઓકટોબર સુધી સાઉથ કોરીયામાં કરાયું આયોજન : ભારત સરકારના એમ.એસ.એમ.ઈ મંત્રાલય તરફથી મંજુરી અપાઈ




ભારત હેડલાઇન, તા.૧૨

એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગના વિકાસ માટે ભારત સરકારના એમ.એસ.એમ.ઈ. મંત્રાલયની આઈ શ્રી યોજના હેઠળ કુલ ૨૦ ઉદ્યોગોને સાઉથ કોરિયા ખાતે આયોજીત કોરિયા મેટલ વીક ૨૦૨૪ એક્ઝીબીશન માટે રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનને ભાગ લેવા મંજુરી મળેલ છે. આ એક્ઝીબીશન ૧૬ થી ૧૮ ઓકટોબર ૨૦૨૪ દરમ્યાન યોજાશે. હાલ આ એક્ઝીબીશનમાં જોડાવા માટે ૧૦ થી વધુ રજીસ્ટ્રેશન થઈ ચુકયા છે. આગામી સમયમાં ૨૦ ઉદ્યોગકારોથી વધુ લોકોની ઈન્કવાયરી આવશે તો ભારત સરકારને ઉદ્યોગકારોની સંખ્યા વધારવા રજુઆત કરવામાં આવશે. જેથી રાજકોટના વધુને વધુ ઉદ્યોગકારો ભાગ લઈ શકશે. રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન પ્રથમવાર કોરીયા મેટલ વીક-૨૦૨૪ એક્ઝીબીશનમાં ભાગ લેવા જઈ રહ્યું છે. આ એક્ઝીમીશનમાં કાસનર્સ એન્ડવાયર, ફાઉન્ડી એન્ડ ડાયકાસ્ટીંગ ટયુબ એન્ડ પાઈપ (મેટોલિક) પ્રેસ એન્ડ શીટ મેટલ એન્ડ ફોર્જીંગ પંપ એન્ડ પંપ ટેકનોલોજી ઈન્ડસ્ટ્રી મેટલ સરફેટ ટ્રીટમેન્ટ, લેસર એન્ડ વેલ્ડિંગ, કંટ્રોલ એન્જીમેજર મેન્ટ, ઓટોમેશન, ડડી ટેકનોલોજીના ઉદ્યોગકારો ભાગ લઈ શકશે. રાજકોટ એન્જીનીયરીંગ અવાર નવાર દેશ વિદેશમાં યોજાતા એક્ઝીશનમાં ભાગ લેવા આયોજન કરે છે.

જેના દ્વારા રાજકોટના ઉદ્યોગકારોને વિદેશમાં બિઝનેશ વિકસાવવાનો મોકો મળે. રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનને ૨૦ ઉદ્યોગકારો માટે ભાગ લેવા ભારત સરકાર દ્વારા મંજુરી અપાય છે.

સહાય વળતર અપાય છે સહાયની રકમ ભારત સરકાર દ્વારા રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન ને મળ્યા બાદ બધા પાર્ટિસિપેન્ટ અને ચુકવવામાં આવશે. આજરોજ યોજાયેલા રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનની પ્રેસ કોન્ફરન્સમાં કોરિયા મેટલ વીક ૨૦૨૪ એક્ઝીબીશનની માહિતી અપાય હતી. વધુ માહિતી માટે સંજયભાઈ વાડોદરીયા મો.નં. ૯૮૯૮૫ ૦૦૦૩૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.

# અમદાવાદની રથયાત્રામાં AI ટેકનોલોજીના કેમેરાથી નજર રખાશે

- રૂટ પર કુલ ૨૫૦૦થી વધુ કેમેરા હશેઃ ૩ડી મેપિંગ, ડ્રોન, ફેસ રેગ્નેનાઈઝેન વાળા ૨૦૦ સીસીટીવીઃ હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ



ભારત હેડલાઇન, તા.૧૨

અમદાવાદમાં આગામી ૭ જુલાઈએ ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રા યોજાશે.જેમાં સુરક્ષા વ્યવસ્થા માટે અમદાવાદ પોલીસે પણ સુરક્ષા વ્યવસ્થાના ભાગ રૂપે હાઈટેક ટેકનોલોજીનો ઉપયોગ કરશે. જેમાં અઈ ટેકનોલોજીવાળા ૪ સીસીટીવી, ૩ડી મેપિંગ, ડ્રોન, ફેસ રેગ્નેનાઈઝેનવાળા ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરા રથયાત્રાના રૂટ લગાવાયા છે.૩ હજારથી વધુ પોલીસકર્મીઓ બોડી વોર્ન કેમેરાથી સજ્જ રહેશે.ઉપરાંત ડ્રોન દ્વારા પણ સમગ્ર રથયાત્રા પર નજર રાખવામાં આવશે. એક મહિના પહેલાથી અમદાવાદ પોલીસ દ્વારા સમગ્ર રૂટ પર પેટ્રોલિંગ કરાઈ રહ્યું છે. રથયાત્રાને માટે એક્શન પ્લાન પણ તૈયાર કરાયો છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ વર્ષે એઆઈ ટેક્નિકલોજીથી સજ્જ ૩૬૦ ડિગ્રીવાળા ૧ કિલોમીટરથી વધુની રેન્જ સુધી સ્પષ્ટ જોઇ શકાય તેવા કેમેરા રથયાત્રા રૂટ પર સૌથી ચાર સેન્સેટિવ પોઇન્ટ પર લગાવવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અવતાર એપમાં ગુનાહિત શખ્સોના ફોટા અને વિગતો પણ એડ કરવામાં આવી છે. તો ફેસ રેગ્નેનાઈઝેશનની મદદથી ગુનાહિત શખ્સો પર વોચ રાખીને પકડી પાડવામાં આવશે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રથયાત્રાના રૂટ પર અત્યાર સુધીમાં ૧૧૦૦ તેમજ પોલીસ દ્વારા પણ ૧૫૦૦ જેટલા એમ કુલ ૨૫૦૦થી વધુ સીસીટીવી ફીટ કરાયા છે. કેમેરાથી રૂટ સજ્જ કરી દેવાશે. ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી દ્વારા રથયાત્રા માટેની સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ રથયાત્રા દરમિયાન પોલીસ વિભાગ દ્વારા બંદોબસ્તની કોઇ કામગીરી સોંપી નથી.સામાન્ય નાગરિકની જેમ સિવિલ ડ્રેસમાં ફરશે અને શંકાસ્પદ વ્યક્તિઓ જાણશે તો તાત્કાલિક નજીકના પોઇન્ટના અધિકારીને જાણ કરશે.ચાર ટેકનોલોજીની મદદથી સુરક્ષા વ્યવસ્થા વધારવા પ્રયત્નો થશે.

# રાજયોગીની બ્રહ્માકુમારી સરલાદીદીની પુણ્યતિથિ નિમિત્તે સી.જે. ગ્રુપ દ્વારા એક્યુપ્રેશર સારવાર કેમ્પ સંપન્ન



ભારત હેડલાઇન, તા.૧૨

રાજયોગીની બ્રહ્માકુમારી સ્વ. સરલાદીદીની પુણ્યતિથિ નિમિતે ભોજલરામ બ્રહ્માકુમારી સેન્ટર અને સી.જે. ગ્રુપ દ્વારા નિઃશુલ્ક એક્યુપ્રેશર સુજોક સારવાર કેમ્પ સેન્ટર ખાતે યોજાયો હતો. આ તકે કમર, ગોંઠણ, સાયટીકા, ચિકનગુનીયા, હાથપગના સાંધાના દુઃખાવા, માથાનો દુઃખાવો, નસ દબાઈ જવી અને પેરાલીસીસ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા સ્નાતક અનુસ્નાતક કોર્ષની છેલ્લા બે સેમ.ની સપ્લિમેન્ટ્રી પરીક્ષા લેવાશે

- **એક-બે વિષયમા નાપાસ થયેલા ૧૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે લેવાયો નિર્ણય**



ભારત હેડલાઇન, તા.૧૨

સૌરાષ્ટ્ર યુનિ.માં સ્નાતક કોર્ષની સેમ ૫-૬ના વિદ્યાર્થીઓની સ્પેશિયલ સપ્લીમેન્ટ્રી પરીક્ષાઓ યોજવા અંગે વિવાદ સર્જાયો હતો કે છેલ્લા ૮ વર્ષથી લેવાતી આ પરીક્ષાની કોઈ જાહેરાત ના કરાતા ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જે સેમ ૫-૬ મા એક બે વિષયોમા નાપાસ થયા હોય તેમને સમગ્ર વર્ષ બગડવાની ભીતિ વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓમા આ અંગે આક્રોશનો સૂર ઊઠ્યો હતો. કુલપતિને લેખિત રજૂઆતમા વ્યાજબી કારણો દર્શાવ્યા હતા સાથે સતાધિસો પર પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે ખાનગી યુનિ.ઓ સેમેસ્ટરના પરિણામો જાહેર કર્યા બાદ ૧૫ દિવસમાં રિમિડિયલ પરીક્ષાઓ યોજે છે તો શા માટે વિદ્યાર્થીઓને સતાધિસો અન્યાય કરે છે. અનેક વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએટ પૂર્ણ કર્યા બાદ સરકારી અને ખાનગી નોકરીઓની આશાઓ હોય છે અને સુકા પાછળ ભીનુ ના બળે તે ધ્યાને લઈને ૧૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓનુ સમગ્ર વર્ષના બગડે તે બાબતોને ગંભીરતાથી ધ્યાને લઈ છેલ્લા ૮ વર્ષથી લેવાનાર પરીક્ષા આ વર્ષે તાકીદે આયોજન કરવા માંગ કરી હતી અને ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. જો કે યુનિવર્સિટીના કુલપતિએ પરીક્ષા વિભાગને સૂચના આપ્યા બાદ પરીક્ષા વિભાગ દ્વારા વિદ્યાર્થી હિતલક્ષી જાહેરાત કરવામાં આવી છે કે સ્નાતક કોર્ષના સેમ.૫-૬ અને અનુસ્નાતક કોર્ષની સેમ.૩-૪નાક વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ તા.૧૫ જુનથી ૨૨ જુન સુધી એટલે કે અઠવાડિયા સુધી પોત પોતાની કોલેજમાં ભરવાના રહેશે અને જેની ટૂંક સમયમા જ પરીક્ષાઓ લેવામા આવશે. આ જાહેરાત બાદ વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો.



# યાર્ડમાં RCC રોડ બનાવવાનું કામ પુર જોશમાં: આખી રાત કામગીરી કરાઈ

ભારત હેડલાઇન, તા.૧૨

રાજકોટ માર્કેટયાર્ડમાં આરસીસી રોડ બનાવવાનું કામ પુરજોશમાં ચાલુ છે. યાર્ડમાં આજુબાજુના ગામોમાંથી હજારો ખેડુતો માલ વેચવા માટે આવતા હોય છે. રાજકોટ માર્કેટયાર્ડ ખેડુતો માટે મોટુ હબ છે. ત્યારે માર્કેટયાર્ડ દ્વારા રોડ બનાવવાની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી યાર્ડમાં આરસીસી રોડ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. વહેલી તકે આ કામગીરી પુર્ણ કરાય તે માટે કામગીરી પુર જોશમાં થઈ રહી છે. આખા યાર્ડને આરસીસી રોડથી મઢવામાં આવશે. જેથી યાર્ડમાં આવતા ખેડુતોને હાલાકી ન પડે. ગત આખી રાત કામગીરી ચાલી હતી. મજુરો દિવસ-રાત મહેનત કરી રોડ બનાવવાની કામગીરી કરી રહ્યા છે.

# ઉમિયા પદયાત્રિક પરિવાર ચેરી. ટ્રસ્ટ દ્વારા ઉમા જયંતિની કરાઈ સાદગીપૂર્ણ ઉજવણી



- **અગ્નિકાંડના મૃતકોને શ્રદ્ધાંજલી પાઠવાઈ**

ભારત હેડલાઇન, તા.૧૨

કડવા પાટીદારોના કુળદેવી ઉમિયા માતાજીની જયંતિ નિમિતે ટીઆરપી ગેમઝોનની દુર્ઘટનાને ધ્યાને રાખી ઉમિયા પદયાત્રિક દ્વારા ગત તા. ૧૦ જુનના રોજ માં ઉમિયાની ૨૩ મી ઉમા જયંતિની સંસ્થા દ્વારા સાદગીપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. રાજકોટના પશુપતિનાથ મંદિરેથી માં ઉમિયાના રથમાં જયોત લઈને અંબીકા ટાઉનશીપમાં સોમનાથદાદાના મંદિર ખાતે માતાજી પૂજન અર્ચન તથા આરતી કરી ઉમા જયંતિની સાદગીથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉમા જયંતિના પ્રસંગે સંસ્થાના હોદેદારો, સભ્યો તથા ભાવીકોએ બે મિનિટનો મૌન પાળી ટીઆરપી દુર્ઘટનાના સદગતોને શ્રધ્ધાંજલી પાઠવી હતી. ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અગ્નિકાંડના મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવવા માટે તા. ૧૪ જુનને શુક્રવારના રોજ વિશ્વ રક્તદાન દિવસે સર્વજ્ઞાતી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સવારે ૮ થી ૧૨ દરમ્યાન ઉમાભવન, જે.કે.ચોક, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

# અગ્નિકાંડ બાદ મનપાની ત્વરિત કામગીરી: ૮ ફાયર ઓપરેટરની કરાઈ નિમણુંક

ભારત હેડલાઇન, તા.૧૨

મ્યુનિ.કોર્પોરેશનમાં ચૂંટણી આચારસંહિતા પૂરી થતા હવે પેન્ડીંગ ભરતીઓ પણ આગળ વધી છે. આજે ત્રણ નાયબ આરોગ્ય અધિકારીની ભરતી માટે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. તો આઠ ફાયર ઓપરેટરના ડોકયુમેન્ટ ચકાસણીની પ્રક્રિયા પૂરી થતા તેમને ઓર્ડર આપવામાં આવ્યા છે. મનપામાં નાયબ આરોગ્ય અધિકારીની એક જગ્યા પર ડો.હાર્દિક મેતા ફરજ બજાવે છે. અન્ય ત્રણ જગ્યા ખાલી છે. આ જગ્યા માટે ૫૮ ડોકટરોએ અરજી કરી હતી. આ પૈકી આજે માત્ર ૨૬ ઉમેદવાર હાજર થતા કમિશ્નર, ડે.કમિશ્નર, આરોગ્ય અધિકારી અને ઓડિટરે ઈન્ટરવ્યુ લીધા હતા. બીજી તરફ આઠ ફાયર ઓપરેટરની ભરતી બાદ સરકાર માંથી તેમના ડોકયુમેન્ટની ચકાસણી પૂરી થતા તેઓને પણ ઓર્ડર આપવામાં આવ્યા છે.

મનપામાં જુદા જુદા સંવર્ગની ૧૬ જગ્યા ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી છે. તા.૨૫-૬ સુધીમાં ઉમેદવાર ઓનલાઈન અરજી કરી શકશે. નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની બે જગ્યા બીનઅનામત છે તો આસી.એન્જી. સીવીલની ૯ પૈકી ૩ જગ્યા બીનઅનામત કેટેગરીમાં છે. આસી. ઈજનેર મીકેનીકલની એક જગ્યા અનામત છે.

તો એડી.આસી. ઈજનેર સીવીલની ચાર પૈકી એક જગ્યા બીન અનામત છે. કુલ ૧૬ જગ્યા માટે આ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં રોસ્ટર મુજબ અનામતની જોગવાઈઓ રાખવામાં આવી છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭

Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# શિક્ષણ કાર્ય ઠપ્પ કરી દેવા સંચાલકોની ધમકી

## ફાયર સેફ્ટી મામલે 'સીલ' કરી દેવાયેલી શાળાઓ મુદ્દે તંત્રના જડ વલણ સામે આક્રોશ

- 'સીલ' હોય તો સ્કુલ કેવી રીતે ખોલી શકીએ ? સીધો સવાલ : 'સીલ' સિવાયની શાળાઓ પણ બંધ રાખવાની ચીમકી
- સરકાર જાહેર કરે એ એસઓપીની શરતો ઉપર પણ નજર : ભારે નિયમો આવે તો નહીં સ્વીકારવા પણ મહામંડળની તૈયારી : કલેકટરનું ધ્યાન દોરી દીધુ



ભારત હેડલાઇન, તા.૧૨

રાજકોટમાં ફાયર સેફટી મામલે ૧૦૦થી વધુ શૈક્ષણિક સંકુલોને સીલ મારવામાં આવ્યા છે અને ગઇકાલે સીલ ખોલવાના નિયમો હળવા કરવા મહામંડળે મુખ્યમંત્રીને રજુઆત પણ કરી હતી ત્યારે આજે બપોર સુધી નવા નિયમો અંગેની એસઓપી જાહેર નહીં થતા સંચાલકો અને વાલીઓ પણ ભારે દ્વિધામાં છે. આ સ્થિતિમાં હવે આવતીકાલથી નવા શિક્ષણ સત્રના પ્રારંભે જો શાળાઓ ખોલવા મંજૂરી નહીં મળે તો નિયમ મુજબ ખુલી શકતી શાળાઓ પણ નહીં ખોલવાનો ઉગ્ર નિર્ણય મહામંડળે લીધો છે. રાજકોટમાં કાલથી એક પણ ખાનગી કે ગ્રાન્ટેડ શાળા ન ખોલવાની તૈયારી વચ્ચે સરકારની એસઓપીના નિયમો સ્વીકારી શકાય કે નહીં તેનો પણ પહેલા અભ્યાસ કરવામાં આવશે તેવું હોદ્દેદારોએ જણાવ્યું છે. રાજકોટ શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારો દ્વારા આ મામલે આજે જિલ્લા કલેકટર પ્રભવ જોશી તેમજ મ્યુનિ. કમિશ્નર દેવાંગ દેસાઇને આવેદનપત્ર સુપ્રત કરી ઉગ્ર રજુઆતો કરવામાં આવી હતી.

જેમાં શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે રાજકોટ શહેર જિલ્લાની ફાયર સેફટીના મામલે સીલ કરાયેલ શાળાઓના આવતીકાલથી ખોલવા દેવામાં નહીં આવે તો શિક્ષણ કાર્ય ઠપ્પ કરી દેવામાં આવશે. તેની સાથોસાથ વધુમાં એવું જણાવ્યું હતું કે જો આ સીલ કરાયેલ શાળાઓ ખોલવા દેવામાં નહીં આવે તો આવતીકાલથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે ત્યારે જિલ્લાની એક પણ ખાનગી શાળાઓ શરૂ થશે નહીં. આ રજુઆતમાં શિક્ષણ બોર્ડના મેમ્બર ડો.પ્રિયવદન કોરાટ, રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મહેતા તેમજ અવધેશભાઈ કાનગડ, અવધેશભાઇ પટેલ, ભરતભાઇ ગાજીપરા, જયદીપભાઇ જલુ, શૈલેષભાઇ વોરા, કિશોરભાઇ દવે, સુનીલભાઇ બરોચીયા સહિતના હોદ્દેદારો જોડાયા હતા. શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના આ હોદ્દેદારોએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે જિલ્લામાં ગ્રાન્ટેડ શાળાઓ વિનામૂલ્યે શિક્ષણ આપતી સંસ્થાઓ છે. રાજય સરકાર દ્વારા આગામી દિવસોમાં જો આ અંગે ગાઇડલાઇન જાહેર કરી સંસ્થાઓ ખોલવા માટે કોઇ વ્યાજબી ઉકેલ નહીં લવાય તો રાજકોટ સહિત રાજયભરમાં શિક્ષણ ડામાડોળ થશે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. રાજકોટ શહેર જિલ્લામાં ફાયર સેફટી અને બીયુ સર્ટીફીકેટના મામલે ખાનગી અને ગ્રાન્ટેડ સહિત ૧૦૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓને સીલ મારી આકરા પગલા લેવામાં આવેલ છે. જેના પગલે આવતીકાલથી પ્રારંભ થનારા નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે આ સીલ મરાયેલી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થશે કે કેમ તેના પર પ્રશ્નાર્થ મૂકાઇ ગયો છે. જોકે ખાનગી શાળા સંચાલક મંડળે જાહેર કરી દેવાયુ છે કે બીયુ અને ફાયર એનઓસીના મામલે સરકાર દ્વારા જાહેર થનારી એસઓપી જો તેમને માન્ય નહીં હોય તો જિલ્લાની એક પણ ખાનગી શાળાઓ કાલથી શરૂ થશે નહીં.

## શાપર પોલીસની સરાહનીય કામગીરી : રૂ.૪.૨૬ લાખની કિંમતના ૨૪ ફોન શોધી કાઢ્યા




ભારત હેડલાઇન, તા.૧૨

શાપર-વેરાવળ પોલીસ મથક વિસ્તારમાં નાગરિકોના ગુમ થયેલ કે ચોરી થયેલા મોબાઇલ ફોન શોધી કાઢવા એસપી જયપાલસિંહ રાઠોડ, ડીવાયએસપી કે.જી.ઝાલા, પીઆઇ એસ.જી.રાઠોડની સૂચનાથી શાપર પીએસઆઇ આર.કે. ગોહિલ, જી.બી.જાડેજા, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, કોન્સ્ટેબલ ગૌતમભાઇ પરમાર, મનિષાબેન ઢગેલ વગેરેએ ૨ મહિનામાં સીઇઆઇઆર પોર્ટલ અને ટેકનીકલ સોર્સના આધારે તપાસ કરી રૂા. ૪,૨૬,૭૬૦ની કિંમતના ૨૪ મોબાઇલ ફોન શોધી મુળ માલીકને પરત કરવા તજવીજ હાથ ધરી હતી.

## ખીરસરા જુથ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાની બિનહરીફ વરણી



ભારત હેડલાઇન, તા.૧૨

ખીરસરા રણમલજી જુથ સેવા સહકારી મંડળી લી.ના વ્યવસ્થાપક સમિતિ સભ્યોની મિટિંગ પૂર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયાની ઉપસ્થિતિમાં મળેલ તેમજ વ્યવસ્થાપક સમિતિના સભ્યો દ્વારા ફરી રાજકોટ લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાને ખીરસરા રણમલજી જૂથ સેવા સહકારી મંડળી લી. ના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. વ્યવસ્થાપક સમિતિ સભ્યોમાં લાખાભાઈ સાગઠીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, દલસુખભાઈ પીપળીયા, નરશીભાઈ વેકરીયા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, નાથાભાઈ ગાજીપરા, ગોવિંદજી ગોહિલ, પ્રવિણસિંહ ડાભી, રતુભા ડાભી, દિલીપભાઈ કુગશીય, વિરભાનુભાઈ મેત્રા, મહિલા સભ્ય જ્યોત્સનાબેન જોરીયા, સવિતાબેન વેકરીયા સહિતના વ્યવસ્થાપક સમિતિ સભ્યો દ્વારા નરેન્દ્રસિંહ જાડેજાને સર્વ સહમતીથી ખીરસરા રણમલજી જુથ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

# સતત ત્રીજી વખત દેશની ધુરા સંભાળતા મોદીજીને અભિનંદન આપતા ધારાસભ્ય ઉદય કાનગડ

ભારત હેડલાઇન, તા.૧૨

રાજકોટ-૬૮ પૂર્વના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સહિતના નવા મંત્રીમંડળને શુભેચ્છા આપી



મોદીજીના દ્દષ્ટિવંત નેતૃત્વમાં દેશની વિકાસ યાત્રા અવિરતપણે ચાલુ રહેશે અને ભારત વિકસીત તથા ગૌરવશાળી રાષ્ટ્રમાં પરિવર્તીત થશે તેવી આશા વ્યકત કરી છે. કેબીનેટમાં સ્થાન મેળવનારા ગુજરાતના પ્રધાનો અમિતભાઈ શાહ, જે.પી. નડ્ડા, સી.આર. પાટીલ, એસ. જયશંકર, મનસુખભાઈ માંડવીયા, નીમુબેન બાંભણીયાને અભિનંદન આપતા તેમણે જણાવ્યું છે કે જવાહરલાલ નહેરૂ બાદ સતત ત્રીજી વખત વડાપ્રધાન પદે શપથ લેનારા નરેન્દ્રભાઈ બીજા નેતા બન્યા છે. ભાજપે ૨૦૨૪ની ચૂંટણીમાં એનડીએના સાથથી વિક્રમી વિજય મેળવ્યો છે. સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે યોજનાઓના લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવાની નવી સફર શરૂ થઈ છે. સાથે જ લોક હિતકારી નિર્ણયોથી દેશવાસીઓનું મસ્તક ઉંચુ થયાનું પણ જણાવ્યું છે.

# રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની યોજાઇ બેઠક

● કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેની અધ્યક્ષતામાં લેવાયા અનેક નિર્ણયો



ભારત હેડલાઇન, તા.૧૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગ આજરોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નીલાંબરીબેન દવેની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આજની બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિવિધ એકેડેમિક અને વહીવટી બાબતો પરત્વે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.આજની બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગમાં જનરલ સ્ટેશનરી, પેપર કવર અને કન્ઝ્યુમેબલ આઈટમોનો કોન્ટ્રાક્ટ લંબાવવા માટે નિર્ણય કરવામાં આવેલ હતો. આજની મીટીંગમાં બી.સી.એ. સેમેસ્ટર-૪ વર્ષ ૨૦૨૨ ના અભ્યાસક્રમની લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નો હેન્ડરીટન વોટસએપ સ્ક્રીનશોર્ટ રુપે મિડીયા દ્વારા બહાર પડેલ, જેના ૪૫ માર્કસના પ્રોરેટા કરી તેનું મુલ્યાંકન કરાવવા વિદ્યાર્થીહિતમાં નિર્ણય કરવામાં આવેલ હતો. આજની મીટીંગમાં દીવ સરકારી કોલેજને ગુજરાત યુનિવર્સિટીમાં જવા માટે ગઘઈ આપવાની બાબતને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ હતી. આજની મીટીંગમાં બાપા સીતારામ ટ્રસ્ટ સંચાલિત આર્ટસ કોલેજ, રાજુલાના સ્થળ ફેરફારની બાબત મંજુર કરવામાં આવેલ હતી. સવજીભાઈ કોરાટ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નારાયણી એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુટ, રાજકોટને સ્થળ ફેરફારની બાબત મંજુર કરવામાં આવેલ હતી. કકખ અભ્યાસક્રમની કોલેજોની પરીક્ષાનું સમયપત્રક ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ તા.૧૫-૬-૨૦૨૪ સુધીમાં જાહેર કરવાની બાબતની નોંધ લેવામાં આવી હતી. આ અગાઉ બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચીંગ અને સિન્ડિકેટ દ્વારા કોલેજોમાં કકખ અભ્યાસક્રમ શરુ કરવાની બાબત નામંજુર કરવામાં આવેલ તેમજ કકખ સંસ્થાઓને આપવામાં આવેલ માન્યતા બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નિયમ મુજબ ન હોય, જેથી આપવામાં આવેલ માન્યતા રદ્દ કરવાનો નિર્ણય કરવામાં આવેલ. LLM ના વિદ્યાર્થીઓના શૈક્ષણીક કારકિર્દીના હિતમાં તેઓના પીજી રજીસ્ટ્રેશન યુનિવર્સિટીના કાયદા ભવનમાં તબદીલ કરી તેઓના અભ્યાસ અને તમામ પરીક્ષાની વ્યવસ્થા યુનિવર્સિટી ખાતે કરવા નિર્ણય કરવામાં આવેલ હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે નવી કેન્ટીન શરુ કરવા તથા પ્રાયોગિક ધોરણે ટુંકા સમય માટે કોન્ટ્રાક્ટ આપવા આજની મીટીંગમાં નિર્ણય કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી ઉચ્ચ શિક્ષા અભિયાન (PM-USHA) નો DPR મંજુર કરવામાં આવેલ હતો. ડો. કલાધરભાઈ આર્ય, નિયામક, MMTTC એ બોલાવેલ પત્રકાર પરિષદ સંદર્ભમાં નિયુક્ત ખાતાકીય તપાસ સમિતિના અહેવાલ પરત્વેની વિચારણા આગામી બેઠકમાં કરવા નિર્ણય કરવામાં આવેલ હતો.

# ઘર ઘર વૃક્ષારોપણ થકી ૧૧૦૦ વૃક્ષોના સંકલ્પ સાથે સ્નેહ સંવેદના એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મવડી વિસ્તારને લીલોછમ બનાવાયો



ભારત હેડલાઇન, તા.૧૨

સ્નેહ સંવેદના એજ્યુકેશન ટ્રસ્ટ ગત તા.૯ જૂનના રોજ પર્યાવરણ જાગૃતતા સંદર્ભે ઘર ઘર વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ૩૦૦ જેટલા વૃક્ષો વ્યક્તિગત રીતે રોપવામાં આવ્યા તેમજ ૮૦૦ જેટલા વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ ૧૧૦૦ વૃક્ષોના સંકલ્પ સાથે મવડી વિસ્તારને લીલોછમ બનાવવાની એક અનોખી ઝુંબેશ ઉપાડવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને ખરા અર્થમાં ''ઘર ઘર વૃક્ષારોપણ''નો આ કાર્યક્રમ સાર્થક થયો હતો. આ અનોખી ઝુંબેશમાં બાળકો, વડીલો અને યુવાઓએ સાથે મળી આ કાર્યક્રમને પ્રતિસાદ આપ્યો હતો. આ સમગ્ર ઝુંબેશ પ્લાસ્ટિક મુક્ત અને પર્યાવરણ સંરક્ષણ સંદર્ભે રહી હતી. આ કાર્યક્રમ દ્વારા વૃક્ષોનું મહત્વ સમજાવી ટ્રસ્ટના સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવા માટે અનોખી પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

# PM કેર યોજનાના ૫૪ બાળકો માટે 'મીટ વીથ કલેકટર' કાર્યક્રમ યોજાયો

ભારત હેડલાઇન, તા.૧૨



ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા પી.એમ. કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમ અંતર્ગત કોરોનાકાળમાં માતાપિતા કે વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકોની સાર-સંભાળ રાખવામાં આવે છે. આ યોજનાના રાજકોટ જિલ્લાના ૫૪ લાભાર્થી બાળકો સાથે બાળ સુરક્ષા વિભાગ, ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ''મીટ વીથ કલેક્ટર'' અન્વયે હું હીરો છુંની થીમ આધારીત કાર્યક્રમનું આયોજન રીજીયોનલ સાયન્સ સેન્ટર, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં કોરોના કાળ દરમિયાન માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૫૪ જેટલા બાળકો સાથે કલેક્ટરશ્રી તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ ભોજન કર્યું હતું, મહાનુભાવોએ બાળકો સાથે તેમના અભ્યાસ, તેમના શોખ, તેમના કપડા, ભોજનના ગમા-અણગમા તથા અન્ય બાબતોની વાતો કરી હતી. કલેક્ટરને મળીને બાળકો ખુબ જ ખુશ થયા હતા.